ગાંધીનગર સમાચાર



શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી, ભાટ ખાતે નવી કૅન્ટીનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી શ્રી રામકૃષ્ણ સ્વામી, શ્રી અક્ષરપ્રકાશ સ્વામી, શ્રી શિવજીભાઈ પટેલ તથી ડિરેક્ટર શ્રી ધર્મેશ વંડરા દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ગુરુકુળના સંતોએ કૉલેજના વિદ્યાર્થીઓ આ કૅન્ટીનના માધ્યમથી સ્વાસ્થ્યપ્રદ આહાર મેળવી સશક્ત બને અને પોતાના જીવનને શ્રેષ્ઠ બનાવે તેવા આશીર્વાદ આપ્યા હતા.

# એથ્લેટિક્સમાં બાલવાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૬

શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ, બાલવાએ રાંધેજા વિભાગની એથ્લેટિક્સ સ્પર્ધામાં ભાગ લઈ વિજેતા પદ મેળવ્યું હતું.

અન્ડર-૧૪ વિભાગમાં ચૌધરી આયુષ ગોળાફેંક, ચક્રફેંકમાં પ્રથમ, રાવળ સુહાગ ૪૦૦ મીટર દોડમાં પ્રથમ, ૧૦૦ મીટર દોડમાં તૃતિય, ભાટી કૃષ્ણપાલ લાંબીકૂદમાં પ્રથમ, ઊંચી કૂદમાં દ્વિતિય અને ઠાકોર દિનેશ ૬૦૦ મીટર દોડમાં દ્વિતિય સ્થાને વિજેતા બન્યા હતા.

અન્ડર-૧૭ વિભાગમાં પટેલ નરેશ ૧૦૦ મીટર દોડમાં પ્રથમ, ભાટી વિરેન્દ્ર ૧૫૦૦ મીટર દોડમાં તૃતિય, ચૌધરી ્ચિન ચક્રફેંક, હથોડાફેંકમાં પ્રથમ, ગોળાફેંકમાં દ્વિતિય, ભાટી જયપાલ ઉંચી કૂદમાં દ્વિતિય, રાવળ રાહુલ લંગડીમાં પ્રથમ તથા ૮૦૦ મીટર દોડમાં દ્વિતિય સ્થાને વિજેતા બન્યા હતા.

અન્ડર-૧૯ વિભાગમાં દંતાણી સચિન ૧૦૦ મીટર દોડમાં દ્વિતિય, ૮૦૦ મીટર દોડમાં પ્રથમ, ૧૧૦ મીટર વિઘ્નદોડમાં તૃતિય, ચૌધરી કાર્તિક ગોળાફેંક, હથોડાફેંકમાં દ્વિતિય, ચૌધરી સાવન ચક્રફેંકમાં પ્રથમ, ભાટી કિરીટ લંગડીમાં પ્રથમ વિજેતા બન્યા હતા.

વ્યાયમ શિક્ષક શૈલેષકુમાર પટેલ, આચાર્ય અર્જુનસિંહ પરમાર તથા ટ્રસ્ટીમંડળ તરફથી સૌ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## મનોરંજન

| સિનેમેક્સ | સિટી પલ્સ |
|---|---|
| **સ્ક્રીન-૧** | **સ્ક્રીન-૧** |
| મિશન ઈમ્પોસીબલ (હિન્દી) | દશ્યમ |
| ૯.૦૦, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦ | ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦ |
| **સ્ક્રીન-૨** | **સ્ક્રીન-૨** |
| બેંગીસ્તાન | બેંગીસ્તાન |
| સવારે ૯.૧૫ | ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૧૫ |
| દશ્યમ | બાહુબલિ |
| ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦ | ૭.૦૦ |
| **સ્ક્રીન-૩** | **સ્ક્રીન-૩** |
| મિશન ઈમ્પોસીબલ (હિન્દી) | મિશન ઈમ્પોસીબલ (હિન્દી) |
| ૧૦.૦૦, ૬.૪૫ | ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫ |
| બેંગીસ્તાન | મિનશ ઈમ્પોસીબલ (અંગ્રેજી) |
| ૧૨.૪૫ | ૨.૪૫, ૭.૪૫ |
| બજરંગી ભાઈજાન | **સ્ક્રીન-૪** |
| ૩.૩૦, ૯.૩૦ | દશ્યમ |
| **સ્ક્રીન-૪** | સવારે ૧૦.૦૦ |
| દશ્યમ | બજરંગી ભાઈજાન |
| સવારે ૧૦.૦૦ | ૧.૦૦, ૯.૪૫ |
| બાહુબલિ | જાંનિસાર |
| ૧.૦૫, ૭.૧૦ | ૪.૧૫ |
| બેંગીસ્તાન | મસાન (એ) |
| ૪.૨૫, ૧૦.૩૦ | ૭.૧૫ |
| | **સ્ક્રીન-૫** |
| | બેંગીસ્તાન |
| | સવારે ૧૦.૦૦, ૭.૦૦ |
| | દશ્યમ |
| | ૧૨.૧૫ |
| | બિન રોયે |
| | ૩.૪૫ |
| | બાહુબલિ |
| | રાત્રે ૧૦.૦૦ |

| ટાઉનહોલ |
|---|
| આર્ટ લવર્સ આયોજિત |
| નાટક : મારી વાઈફ મૅરીકૉમ |
| રાત્રે ૯.૩૦ |

# ઈન્ફોસિટી સ્કૂલના વિદ્યાર્થીઓએ બૉટનીકલ ગાર્ડનનો પ્રવાસ કર્યો

ગાંધીનગર, તા. ૬

ઈન્ફોસિટી સ્કૂલના અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના ધોરણ-૬ થી ૯ના તમામ વિદ્યાર્થીઓને આજે ગાંધીનગરના બૉટનીકલ ગાર્ડન ખાતે પ્રવાસે લઈ જવામાં આવ્યા હતા.

બૉટનીકલ ગાર્ડનમાં વિવિધ પ્રકારની વનસ્પતિઓ જેવી કે સ્પાઈડર લીલી, બિલાડીનો ટોપ, ખીજડો, ઈન્ડનયન કોક ટ્રી, બામ્બુ, સાવરણીનું ઘાસ, ખાખરાનું ઝાડ વગેરે જાતની વનસ્પતિઓ, ડૂબકી બતક, કેટર પિલર, હજારો જાતના રંગબેરંગી પતંગીયા બાળકોને બતાવવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓને કુદરતના સાંનિધ્યમાં વિવિધતાભર્યા પર્યાવરણનું જ્ઞાન આપવામાં આવ્યું હતું તથા વાઈલ્ડલાઈફ થીમ પર આધારિત ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી.

આ શૈક્ષણિક પ્રવાસમાં તમામ વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ સહકાર આપ્યો હતો. આ પ્રવાસ અંગ્રેજી માધ્યમના સુપરવાઈઝર દિપ્તીબેન અને ગુજરાતી માધ્યમના પ્રિન્સીપાલ પ્રવિણાબેનના નેતૃત્વ હેઠળ સફળ રહ્યો હતો.

# અશોકકુમાર મોદીને સ્વામી વિવેકાનંદ સન્માન



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકાની પ્રગતિશીલ સંસ્થા શ્રી એમ એચવ દ્યિામંદિર, ડભોડાના આચાર્ય અશોકકુમાર જી મોદીને 'અવન્તિકા સ્વામી વિવેકાનંદ સન્માન' અર્પણ કરવામાં આવ્યું છે.

સી ડી પટેલ ઍજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ગ્લોબલ ઈન્ટરનેશનલ સ્કૂલના ઉપક્રમે શિક્ષણ અને સમાજ ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ અશોકકુમાર મોદીને સાધુબેલા તીર્થ, અડાલજ ખાતે આયોજિત ભવ્ય કાર્યક્રમમાં આ સન્માનથી નવાજવામાં આવ્યા હતા.

એક આદર્શ શિક્ષક એવા અશોકભાઈ મોદીને કન્યા કેળવણીમાં જાગૃતિ બદલ આ સન્માન મળતાં શાળા પરિવાર તથા શ્રી કેળવણી મંડળ, ડભોડા તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ગાંધીનગર લાયોનેસ ક્લબ દ્વારા ઉવારસદમાં મહિલાઓ માટે મૅડિકલ કૅમ્પ

ગાંધીનગર, તા. ૬

લાયોનેસ ક્લબ, ગાંધીનગર દ્વારા ગુજરાત સરકારના મહિલા સશક્તિકરણ પખવાડિયાના ભાગરૂપે ઉવારસદમાં ૩૧૨ મહિલાઓ માટે મૅડિકલ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને પેપ ટેસ્ટ કરવામાં આવ્યો હતો.



ઉવારસદ આરોગ્ય કેન્દ્ર અને લાયોનેસ ક્લબ, ગાંધીનગર દ્વારા આ કૅમ્પનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત, ગાંધીનગરનાં પ્રમુખ હિનાબેન પટેલે ઉપસ્થિત રહી મહિલાઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. માહિતી શિક્ષણ અધિકારી ચેતનાબેન પટેલ, ક્લબના સભ્યો, એરિયા ચેર પર્સન ઉષાબેન ગજ્જર, પૂર્વ પ્રમુખ ચંદા યાદવ, પ્રમુખ વૈશાલી જોષી અને અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કૅમ્પમાં આરોગ્ય કેન્દ્રના મૅડિકલ ઑફિસર સરોજબેનનો સક્રિય સહકાર પ્રાપ્ત થયો હતો.

# શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે શાળાકીય રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૬

સૅક્ટર-૩૦ ખાતે કાર્યરત શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે શાળાકીય રમતોત્સવનું આયોજન બુધવારે કરવામાં આવ્યું હતું.

આ રમતોત્સવમાં શાળાના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા અને મૅનેજિંગ ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા, ટ્રસ્ટી શોભનાબા વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

રમતોત્સવ અંતર્ગત ખો...ખો તથા કબડ્ડીની રમતોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શાળાનાં ચોક રાજપૂત ડિમ્પલ દ્વારા ખો..ખો અને કબડ્ડીની આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કબડ્ડીની બહેનોની સ્પર્ધામાં અનુક્રમે યુ-૧૪,૧૭,૧૯ અને ભાઈઓની સ્પર્ધામાં યુ-૧૪,૧૭,૧૯ તથા ખો..ખો માં યુ-૧૪,૧૭ વિજેતા રહ્યા હતા. તમામ સ્પર્ધકો શાળાઓ સામે વિજેતા રહ્યા હતા.

# ઍમ બી પટેલ હાઈસ્કૂલમાં યંગ શૅફ કૂકીંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૬

ઍમ બી પટેલ અંગ્રેજી માધ્યમ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલમાં અમદાવાદની આઈઆઈઍચઍમ દ્વારા યંગ શૅફ કૂકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાન્ય પ્રવાહના સાત વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લઈ અવનવી વાનગીઓ બનાવી હતી.

દવે ભૂમિ, પંડ્યા શિવાંગી, શાહ સોનમ, શાહ ક્ષમા, પટેલ દ્રીપલ, શાહ લબ્ધિ અને માઉન્ટેનીયર પ્રિન્સ દ્વારા બનાવવામાં આવેલી આ વાનગીઓ પૈકી વિજેતાક્રમ નક્કી કરવા માટે આઆઈઍચઍમમાંથી શૅફ આવ્યા હતા. હવે આ સાતેય વિદ્યાર્થીઓ આઈઆઈઍચઍમ અમદાવાદ ખાતે યોજિત સૅમિફાઈનલ સ્પર્ધામાં ભાગ લેશે અને વિજેતા વિદ્યાર્થી લંડન ખાતે યોજાનાર સ્પર્ધામાં ભાગ લેશે.

શૂપર્ણા મુખરજી દ્વારા કરવામાં આવેલા આ કાર્યક્રમના આયોજનને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને બિરદાવી ભાગ લેનારા સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ઍમ ઍચ વિદ્યામંદિરનું ગૌરવ

ગાંધીનગર, તા. ૬

ચિલોડા-ડભોડા વ્યાયમ મંડળ સંચાલિત શાળાકીય રમતોમાં ઍમ ઍચ વિદ્યામંદિર, ડભોડાની ટીમ ખો-ખોની સ્પર્ધામાં અન્ડર-૧૯ અને અન્ડર-૧૬માં વિજેતા તથા બહેનોની ટીમ અન્ડર-૧૪ અને અન્ડર-૧૬માં વિજેતા બનેલ છે. કબડ્ડીમાં ભાઈઓ અન્ડર-૧૯, ૧૬ અને બહેનો અન્ડર-૧૪માં વિજેતા બનેલ છે.

## સાંસ્કૃતિક સુધારાવાદી હતા અને મહાન વિદ્યાપ્રવીણ

# કવિવર રવિન્દ્રનાથ ટાગોર બે દેશોનાં રાષ્ટ્રગીતોના રચયિતા છે

કવિવર રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ ૭મી મે, ૧૮૬૧ના રોજ થયો હતો. તેઓ ગુરુદેવ તરીકે પણ ઓળખાય છે. રવિન્દ્રનાથને કોઈ એક 'લેબલ'થી યાદ કરી શકાય એમ નથી. તેઓ કવિ, વિઝ્યુઅલ આર્ટીસ્ટ, નોવેલિસ્ટ, સમાજસુધારક, નેશનાલિસ્ટ, બિઝનેસ મૅનેજર, ચિત્રકાર, સંગીતકાર, કંપોઝર, પ્રકૃતિપ્રેમી, નાટ્યલેખક, નિબંધકાર, સ્વતંત્રતાના હિમાયતી અને આધુનિકતાવાદી હતા. અને આ બધા જ રોલમાં તેમણે સર્વોત્તમ પ્રદાન કર્યું છે. 'ઈશ્વરદત્ત એક જીવનમાં આ માણસ અનેક જિંદગીઓ જીવી ગયા !' તેમનાં કાર્યોની ઝલક અને અસર ૧૯મી અને ૨૦મી સદીના બંગાળી સાહિત્ય અને સંગીત પર જોવા મળે છે. તેમણે જ્યારે ૧૯૧૩માં સાહિત્ય માટેનો નૉબેલ પારિતોષિક મેળવ્યો ત્યારે આ નૉબેલ પારિતોષિક મેળવનારા તેઓ પ્રથમ એશિયન હતા.

ટાગોરે આઠ વર્ષની ઉંમરે પહેલી કવિતા લખી હતી. ૧૬ વર્ષની ઉંમરે તેમણે પોતાની પ્રથમ કવિતા 'ભાનુસિંઘો' (સૂર્ય સિંહ)ના નામે લખી. તેમણે પોતાની ટૂંકી વાર્તાઓ અને નાટકો ૧૮૭૭માં લખ્યા. પોતાની જિંદગીના અંતિમ તબક્કા દરમ્યાન તેમણે બ્રિટીશરાજનો વિરોધ કર્યો અને ભારતની સ્વાતંત્ર્ય ચળવળને ટેકો આપ્યો હતો. ટાગોરનું કામ જે કવિતાના સ્વરૂપમાં છે તે ટાગોરે રચેલી સંસ્થા, વિશ્વ ભારતી યુનિવર્સિટીમાં સચવાયેલું છે.

ટાગોરે નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ, ગીત, નૃત્યનાટિકાઓ અને રાજકારણ તથા વ્યક્તિગત વિષયો પર નિબંધો પણ લખ્યા છે. તેમની ટૂંકી વાર્તાઓ, ટૂંકા કાવ્યો અને નવલકતા કે જેમાં તાલબદ્ધ, ગીત સ્વરૂપ, બોલચાલની ભાષા અને ચિંતનપાત્ર પ્રકૃતિવાદ અને દાર્શનિક ચિંતન વણી લેવામાં આવ્યું હતું તેને વૈશ્વિક પ્રસિદ્ધિ મળી હતી. ટાગોર સાંસ્કૃતિક સુધારાવાદી હતા અને મહાન વિદ્યાપ્રવીણ હતા. જેમણે પરંપરાગત બંગાળી માળખાને આધુનિક સ્વરૂપ આપ્યું હતું.

તેમના લખામના બે ગીતો બાંગ્લાદેશ અને ભારતનાં રાષ્ટ્રગાન છે. અનુક્રમે 'અમાર સોનાર બાંગલા' અને 'જન ગણ મન' ગીતો બંને દેશોનાં રાષ્ટ્રગાન બન્યાં છે. ૧૧ વર્ષની ઉંમરે તેઓ પોતાના પિતા સાથે ૧૪ ફેબ્રુઆરી ૧૮૭૩ના રોજ ભારત ભ્રમણ કરવા માટે કલકત્તાથી નીકળી પડ્યા હતા. ટાગોરે આત્મકથાઓ, ઈતિહાસ, ખગોળશાસ્ત્ર, આધુનિક વિજ્ઞાન અને સંસ્કૃતનો અભ્યાસ કર્યો અને પ્રાચીન કવિતાઓમાં ઉંડો રસ લીધો હતો. વકીલ બનવા માટે તેમણે ૧૮૭૮માં ઈંગ્લેન્ડના બ્રિગટનની પબ્લિક સ્કૂલમાં પ્રવેશ લીધો. તેમણે યુનિવર્સિટી કૉલેજ, લંડનમાં કાયદાનો અભ્યાસ કર્યો. ૯ ડિસેમ્બર, ૧૮૮૩માં તેમનાં લગ્ન મૃણાલિનીદેવી સાથે થયાં.

૧૪ નવેમ્બર, ૧૯૧૩ના રોજ ટાગોરને સાહિત્ય માટેનું નૉબેલ પારિતોષિક આપવામાં આવ્યું. સ્વિડિશ ઍકેડેમી મુજબ તેમને આ પારિતોષિક અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તેમના બંગાળી કાવ્યોના સંપૂટ 'ગીતાંજલી' માટે આપવામાં આવ્યું હતું. ૧૯૧૫માં ટાગોરને બ્રિટન સરકાર દ્વારા નાઈટનો ખિતાબ આપવામાં આવ્યો હતો પરંતુ ૧૯૧૯માં જલિયાંવાલા બાગ હત્યાકાંડ મામલે તેમણે આ ખિતાબ પરત કરી દીધો હતો. ૧૯૩૦ના દાયકામાં તેઓ ભારતની જાતિ આધારિત વ્યવસ્થા અને છૂઆછૂત જેવી સમસ્યાઓથી ચિંતિત થયા હતા. તેમણે પોતાના નિબંધો, કવિતાઓ અને નાટકોમાં અછૂતને નાયક બનાવ્યો અને ગુરુવાયોર મંદિરમાં દલિતોને પ્રવેશ આપવાની વિનંતી કરી હતી.




બંગાળની આર્થિક અસમાનતા બાબતે પણ તેઓ ચિંતિત હતા. તેમણે ૧૦૦ પંક્તિઓની એક કવિતા પણ લખી હતી. આ વાત જાણીતા ફિલ્મકાર સત્યજિત રે દ્વારા તેમની ફિલ્મ 'અપૂર સંસાર'માં વણી લેવામાં આવી હતી. ગંભીર બિમારી બાદ ટાગોર ૭ ઑગ્ષ્ટ, ૧૯૧૪ના રોજ જ્યાં મોટા થયા હતા, ત્યાં જ - જોરાસાંકોમાં મૃત્યુ પામ્યા. બંગાળી જગતમાં તેમની અંતિમતિથિના દિવસે લોકો મૌન રાખે છે. ટાગોરને મોટાભાગે તેમની કવિતાઓને કારણે યાદ કરવામાં આવે છે, પરંતુ તેમણે સાહિત્યનાં સઘળાં સ્વરૂપેમાં મહારત મેળવી છે. અને હકીકત એ છે કે ટાગોરની કૃતિઓમાં તેમની ટૂંકા વાર્તાઓને સૌથી વધારે સન્માન ને પ્રસિદ્ધિ મળી છે. તેમની કૃતિઓની સરાહના - તેની ગતિશીલતા, તેમાં રજૂ થતા આશાવાદ અને કાવ્યાત્મક રજૂઆતના કારણે કરવામાં આવે છે. આ વાર્તાઓ મોટાભાગે અત્યંત સરળ વિષય પર આધારિત હતી અને સામાન્ય માનવીના જીવનને તેમાં આલેખવામાં આવતું હતું. રવિન્દ્રનાથ ટાગોરે લગભગ ૨૨૩૦ કાવ્યો લખ્યાં હતાં અને તેઓ એક સારા ચિત્રકાર પણ હતા.

૬૦ વર્ષની ઉંમરે તેમણે ચિત્રકામ અને પેઈન્ટીંગનું કામ શરૂ કર્યું હતું. તેમની અનેક કૃતિઓનાં સફળ પ્રદર્શનો પણ યોજાયાં હતાં. દક્ષિણ ફ્રાન્સમાં તેઓ કેટલાક ચિત્રકારોને મળ્યા હતા અને તેમના પ્રોત્સાહન બાદ પૅરિસમાં પ્રદર્શન યોજ્યું હતું. ત્યારબાદ યુરોપભરમાં પ્રદર્શનો યોજાયાં હતાં. ટાગોરનાં નાટકો પર આધારિત અને નૃત્યલક્ષી નાટકોનો સામાન્ય રીતે 'રવિન્દ્ર નૃત્ય' તરીકે ઓળખવામાં આવે છે.

'કાબૂલીવાલા' નામની વાર્તામાં ટાગોર પ્રથમ વખત અફઘાની ફેરિયાઓની વાતને વાચા આપે છે. તેઓ ભારતીય શહેરી જીવનમાં ભૌતિક સુખ અને ભૂખમરાની હદમાં લાંબા ગાળાથી સપડાઈ ગયેલા લોકોની લાંબા ગાળાની લાગણીઓ સમજવાનો પ્રયત્ન કરે છે. રવિન્દ્રનાથ ટાગોરે મહાત્મા ગાંધી અને તેમનાં પત્ની કસ્તૂરબાને ૧૯૪૦માં શાંતિનિકેતનમાં આવકાર્યા હતા. તેમણે યુરોપિયન સામ્રાજ્યવાદનો વિરોધ કર્યો હતો અને ભારતીય રાષ્ટ્રવાદીઓને ટેકો આપ્યો હતો. તેમણે ભારતીય સ્વતંત્રતા ચળવળનાં ગુણગાન ગાતાં ગીતો લખ્યાં હતાં. રાજકારણની દષ્ટિએ તેમની બે કૃતિઓ ભારે લોકપ્રિય થઈ હતી : 'ચિત્તો જેથા ભયશુન્યો' (ભય વગરનું ચિત્ત) અને 'એખલા ચાલો રે' (એકલો જાને રે). ટાગોર સારા વક્તા પણ હતા. તેમનાં વક્તવ્યો સાંભળવા લોકોની ભારે ભીડ જામતી અને લોકો તેમનાં પ્રવચનોને તાળીઓથી વધાવતા પણ ખરા.

તેમની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે વેસ્ટર્ન રેલવે દ્વારા 'સંસ્કૃતિ ઍક્સપ્રેસ' નામની વિશેષ ટ્રેનમાં હરતુંફરતું મ્યુઝિયમ તૈયાર કરીને દેશના લાખો લોકોને દર્શાવવામાં આવ્યું હતું. પાંચ એસી કોચમાં તૈયાર કરાયેલા આ પ્રદર્શનમાં રવિન્દ્રનાથ ટાગોરની જીવનયાત્રાને સુંદર રીતે રજૂ કરવામાં આવી હતી. પ્રથમ કોચ 'જીવન સ્મૃતિ' હતો જેમાં તેમના ફોટોગ્રાફનું પ્રદર્શન હતું, બીજો કોચ 'ગીતાંજલી' હતો, જેમાં તેમનાં જાણીતાં પુસ્તકો અને કવિતાસંગ્રહોનું પ્રદર્શન હતું, ત્રીજો કોચ 'મુક્તધારા' હતો જેમાં ટાગોર સાહિત્ય પ્રદર્શન હતું, ચોથા કોચમાં ટાગોરનાં ચિત્રો હતાં અને પાંચમો કોચ 'શેષ કથા' હતો, જેમાં કલાત્મક વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ હતું. કવિવર રવિન્દ્રનાથ ટાગોરને અંજલી આપવા માટેનો આ ટ્રેન એક સુંદર પ્રયાસ હતો.

## કવિવર રવિન્દ્રનાથ ટાગોરના સુવિચાર

- વિશ્વવિદ્યાલયો એ મહાપુરુષોનાં નિર્માણનાં કારખાનાં છે અને અધ્યાપકો એમને બનાવનારા કારીગર.
- જં કંઈ આપણું છે તે આપણા સુધી આવે છે, જો આપણે તેને ગ્રહણ કરવાની ક્ષમતા રાખતા હોઈએ.
- મિત્રતાનું ઉંડાણ પરિચયની લંબાઈ પર આધારિત નથી હોતું.
- પાંખડીઓ તોડીને તમે ફૂલની સુંદરતા ન મેળવી શકો.
- આસ્થા એ પક્ષી છે જે સવારે અંધારું હોય તો પણ અજવાળું મહેસૂસ કરે છે.
- આવો, આપણે એ પ્રાર્થના ન કરીએ કે આપણી ઉપર જોખમો ન આવે. પરંતુ, એ પ્રાર્થના કરીએ કે આપણે તેમની સામે નીડરતાથી લડી શકીએ.
- મનુષ્યનું જીવન એક મહાનદી જેવું છે, જે પોતાના પ્રવાહ દ્વારા નવી દિશાઓમાં માર્ગ બનાવી લે છે.
- મોત પ્રકાશને ખત્મ કરવું એ નથી, દીપને બૂઝાવવો એ છે કારણ કે સવાર થઈ ચૂકી છે.
- માત્ર તર્ક કરવાવાળું દિમાગ એવું ચાકુ છે જેમાં માત્ર બ્લેડ છે, એ ઉપયોગ કરનારના હાથમાંથી લોહી કાઢી નાંખે છે.
- ઉપદેશ આપવો સરળ છે, પણ ઉપાય આપવો કઠિન.
- એ દરેક મુશ્કેલી જેનાથી તમે મોં ફેરવી લો છો, તે ભૂત બનીને તમારી ઉંઘ ઉડાડી દેશે.
- પતંગિયા દિવસો નહીં પણ પળો ગણે છે અને તોય તેમના માટે એ સમય પૂરતો છે.
- જો તમે બધી જ ભૂલો માટે દરવાજો બંધ કરી લેશો તો સત્ય પણ બહાર રહી જશે.
- દરેક બાળક એ ઉત્સાહ સાથે આવે છે કે ભગવાન હજુ મનુષ્યોથી હતોત્સાહ નથી થયો.
- જે મનની પીડાને સ્પષ્ટ રીતે કહી નથી શકતો અને જ ગુસ્સો વધારે આવે છે.
- હકીકતો ઘણી હોઈ શકે છે, પણ સત્ય એક જ હોય છે.

- સંકલન : કુંતલ નિમાવત

## રવિન્દ્રનાથ ટાગોરનાં ચિત્રો



સંકલન : કુંતલ નિમાવત





